
ગાંધીનગર સમાચાર

તા. ૩૧-૩-૨૦૧૪, સોમવાર


## તંત્રી સ્થાનેથી....

### નફરતનું રાજકારણ રોકી શકાશે ખરું?

સહરાપુરના કોંગ્રેસી ઉમેદવારે નરેન્દ્ર મોદી વિરુદ્ધ ઉચ્ચારેલા શબ્દો એ નફરતના રાજકારણની પરાકાષ્ઠા સમાન છે. ગુજરાત જેવા જ હાલ ઉત્તરપ્રદેશના કરવા જશે તો એમને ભારે પડી જશે અને ઉત્તરપ્રદેશના મુસલમાનો એમનાં કરતૂતોને સાંખી નહીં લે એવી મોઘમ ભાષામાં વાત કરી હોત તો કદાચ એને સામાન્ય ધમકી ગણી નજર અંદાજ કરી શકાઈ હોત. ઈમરાન મસૂદે તો મોદીના ટુકડે ટુકડા કરવાની વાંધાજનક રજૂઆત કરી હતી જે હવે એમને ભારે પડી રહી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષે એમની પ્રચારસભામાં વ્યૂહાત્મક અભિગમ અપનાવી ઉમેદવારનો આડકતરો બચાવ કર્યો એ કરતાં આ મુદ્દે ઉમેદવાર બદલી નાખવાની હિંમત દાખવી હોત તો દેશભરમાં એમની વાહ વાહ થઈ હોત. પરંતુ એમણે ટૂંકો રસ્તો અપનાવી લઘુમતી મતો મેળવી લેવાનો માર્ગ પસંદ કર્યો. અલબત્ત એમણે આવી ભાષા કોંગ્રેસી ઉમેદવારની ન હોઈ શખે, એવી સ્પષ્ટતા જરૂર કરી. કોંગ્રેસ નફરતની રાજનીતિ નથી કરતી, એ તો ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ પ્રેમની રાજનીતિ ખેલે છે- એવો સંદેશ આપતાં એમણે ઈમરાન મસૂદનો વિડિયો છ મહિના પહેલાંનો હોવાની સ્પષ્ટતા કરી છે. ઈમરાન મસૂદ ત્યારે સમાજવાદી પાર્ટીમાં હતા. ઉમેદવાર અગાઉ બીજા કોઈ પક્ષમાં હતો એથી એની માનસિકતા કટ્ટર હતી એવું તારણ વાહિયાત છે. આખરે માણસ તો એ જ છે. નરેન્દ્ર મોદી પોતે પણ ક્યાં પ્રેમનું રાજકારણ કરે છે? એ અવારનવાર ગાંધી પરિવાર વિરુદ્ધ ગલીચ ભાષાનો અને કટાક્ષોનો સહારો લેતા રહ્યા છે. આવી ભાષા વાપરીને કદાચ ટોળા પાસે તાળીઓ જરૂર પડાવી શકાતી હશે પરંતુ લાંબે ગાળે એ બોલનાર માટે બૂમરેંગ થઈ શકે. મોદીને પ્રબુદ્ધ મતદારો અણઘડ નેતા સમજે છે. પ્રબુદ્ધો દરેક દેશમાં અને દરેક સમયે અતિસૂક્ષ્મ લઘુમતીમાં રહેતા આવ્યાં છે. એથી આવા રાજકારણીઓ એમની ઐસીતૈસી કરી હાથીની ગતમાં ચાલતા અને મહાલતા રહે છે. મસૂદ અને મોદી લાંબે ગાળે એક જ માળાના મણકા બની રહે છે. 'ચૂન ચૂન કે બદલા લૂંગા' જેવી ભાષા અને 'બોટી બોટી' કાપવાની રજૂઆતમાં સમાનાર્થી રણકો વરતાય છે. નફરતના રાજકારણથી દૂર રહી શાલીન રાજકારણની ઊંચાઈએ ઊઠવાનો પુરુષાર્થ કરનારા નેતાઓ આંગળીના વેઢે ગણાય એટલા પણ મળે કે કેમ તે પ્રશ્ન છે. અટલબિહારી વાજપેયી જ્યારે કોંગ્રેસ વિરુદ્ધ ઉગ્ર પ્રવચન કરતા ત્યારે કહેતા કે 'જનાજા ધૂમ સે નિકલે.' એમાં પણ વાતો તો સામા પક્ષનું ધનોતપનોત કાઢવાની જ હતી, પરંતુ શૈલી કવિત્વમય હતી. ઉઠમણું કરવાનું હતું પણ કોઈ વ્યક્તિનું નહીં, પાર્ટીનું વિચારનું. ઈમરાન મસૂદ કાચા યુવા કાર્યકર્તા છે અને ગુજરાતનાં ૨૦૦૨નાં રમખાણોમાં લઘુમતીના નરસંહારની એમના યુવા માનસ પર ઘેરી અસર પડી હશે તેથી એમના અચેતન માનસમાં પડેલી સૂગ આમ પ્રગટ થઈ ગઈ હશે, એવું પૃથક્કરણ જરૂર કરી શકાય. એમણે આ નિવેદન બદલ માફી માગવાની પણ ના ભણી દીધી છે. ચૂંટણી પંચે એમના આ નિવેદન સબબ એમની ધરપકડ કરી છે અને ચૌદ દિવસના રિમાંડ મંજૂર કર્યા છે. કદાચ એમની ઉમેદવારી ચૂંટણી પંચ દ્વારા રદ પણ થાય. પરંતુ અત્યારે તો લઘુમતી સમાજમાં ઈમરાન મસૂદ હીરો બની ગયા છે, જેનો લાભ એમને તેમજ ઉત્તરપ્રદેશ-બિહાર સહિત અન્ય વિસ્તારોમાં જ્યાં જ્યાં મુસલમાનોના નિર્ણાયક મતો છે ત્યાં કોંગ્રેસને મળવાની પૂરી સંભાવના છે.







એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટસ અને કોમર્સ કોલેજના પરિસરમાં સંસ્થાના વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું. અતિથિ વિશેષ શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, શરદભાઈ જોષી તથા નરેન્દ્ર જોષીના સાનિધ્યમાં કાર્યક્રમની શરૂઆત થઈ હતી. પ્રાર્થનાગાન અને દીપ પ્રાગટ્ય પછી સંસ્થાના આચાર્ય ડૉ. યોગેશભાઈ રાજગોરે પ્રાસંગિક વક્તવ્યમાં સંસ્થામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનો માહિતીસભર ઉલ્લેખ કર્યો. સંસ્થાને વીસ વર્ષ પૂર્ણ થયા એ નિમિત્તે 'રાષ્ટ્રભાષા'નું બીજ વિકસીને વટવૃક્ષ બનવા તરફ પ્રયાણ કરી રહ્યુ છે તેનો સહર્ષ ઉલ્લેખ કર્યો. ત્યારબાદ વર્ષભરની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કરતી 'સ્મારિકા'નું વિમોચન કરવામાં આવ્યુ. ત્યારબાદ રાજેન્દ્રભાઈ પટેલે મનનીય વક્તવ્ય આપતા કહ્યુ કે 'જીવનમાં જ્યાં પણ હો, કંઈક વધારાનું કામ કરો.' ત્યારબાદ વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. વર્ષ દરમ્યાન વિવિધ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વિશેષ સિદ્ધિ મેળવનાર એનએસએસ એસીસી, સ્પોર્ટસ તથા સપ્તધારાની વિવિધ પ્રવૃત્તિઓમાં તથા યુનિવર્સિટી સ્તરે વિશેષ સિદ્ધિ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું ટ્રોફી તથા સર્ટીફિકેટ દ્વારા સન્માન કરવામાં આવ્યું. કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ નૃત્યો દ્વારા વાતાવરણને જીવંત બનાવ્યુ. સમગ્ર સફળ કાર્યક્રમની આભારવિધિ ડૉ. ભાગીરથી કેતન ભટ્ટે કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. જે.બી. જૈન તથા વી.જે. ધોળકિયાએ કર્યુ હતુ.

# બી.પી. કોલેજ દ્વારા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ, શાળાના શિક્ષકો સન્માનાયા

## વાર્ષિક સમારોહમાં જિલ્લાની ૬૦ શાળાના આચાર્યો અને ૨૫૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા : સંસ્થાનો નવતર અભિગમની પ્રસંશા થઈ

ગાંધીનગર, તા. ૩૦

ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન દ્વારા આજ રોજ વાર્ષિક ઉત્સવ યોજવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિવિધ ક્ષેત્રમાં સિદ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓને અને જિલ્લાની શ્રેષ્ઠ શાળાના આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓને



પારિતોષિક આપવામાં આવ્યા હતા.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન કોલેજનો શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪નો વાર્ષિક સમારોહ યોજવામાં આવ્યો હતો. શેઠ ખીમજી વિસરામ હોલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં કુલપતિ ડી.ટી. કાપડિયા, ગાંધીનગર સમાચારના તંત્રી શ્રી કૃષ્ણકાન્ત જહા, કેમ્પસ ડાયરેક્ટર આર.જે. વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

વાર્ષિક સમારોહમાં સમગ્ર રાજ્યની ૬૦ શાળાઓના આચાર્ય અને ૨૫૦ વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્રો આપી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના ઉનાવાની સી.સી. શાહ વિદ્યામંદિર, વાસન વિદ્યામંદિર, સ્વામીનારાયણ હાઈસ્કૂલ કલોલ, રૂપાલ વરદાયિની હાઈસ્કૂલ રાંધેજાની જે.એસ. પટેલ વિદ્યામંદિર, વાવોલની દેવ ઈન્ટરનેસનલ સ્કૂલ તેમજ



સાબરકાંઠાના તાજપુરની વી.એસ. હાઈસ્કૂલ માણસાની શેઠ એમ.ડી. હાઈસ્કૂલ અને શેઠ એન.એચ. ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્ય શિક્ષક અને ત્રણ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

તેમજ સે. ૨૮ વસંતકુંવરબા કન્યા વિદ્યાલય અને આરાધના સ્કૂલ, ચાંદખેડાની સરસ્વતી વિદ્યાલય, અમદાવાદની મણિપ્રભુ સ્કૂલ અને વડુની આર.કે. એચ. વિશ્વ ભારતી અને ડી.એ.કે. પટેલ સ્કૂલના શિક્ષકોનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તમામ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા અભ્યાસની સાથે સાથે સાંસ્કૃતિક, સામાજિક અને સાહિત્યિક ક્ષેત્રે વિશિષ્ટ દેખાવ બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત કૃષ્ણકાન્ત જહાએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, શ્રેષ્ઠ થવા માટે અથાગ પ્રયત્નો કરવા જોઈએ અને પોતાનામાં ભરપુર આત્મવિશ્વાસ હોવો જોઈએ. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે આત્મવિશ્વાસ વિનાની સિદ્ધિ ફક્ત કાગળ પરનું પ્રમાણપત્ર છે. દિવસ ઉગતા અને રાત્રે સૂતા પહેલા પોતાની જાત સાથે વાત કરતા રહેવુ જોઈએ અને પરિણામ સુધી પહોંચવા માટે પરિમાણો તપાસવા જોઈએ. આ પ્રસંગે જહાસાહેબને પણ ગાંધીનગરના અણમોલ રત્નનુ બિરુદ આપી સંસ્થા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે સાથે અનીલભાઈ



નાયક જેઓ શિક્ષણ સાથે નાતો ધરાવે છે તેમનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

બી.બી.એ. કોલેજ દ્વારા રાજ્યના આચાર્યશ્રીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓને સન્માનીત કરવાના અભિગમને સૌ શિક્ષણવિદોએ વધાવ્યો હતો અને જણાવ્યું હતું કે આવા કાર્યક્રમોથી શિક્ષકોને, વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળશે. આ કાર્યક્રમની સુવાસ સમગ્ર શિક્ષણ જગતમાં ફેલાવા પામી છે.

સમગ્ર કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય મંડળના ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ, પ્રોફેસરો અને વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌ ઉપસ્થિત વિદ્યાર્થીઓને ખુબજ મહેનત કરી આગળ આવવા માટે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

# નવા અભ્યાસક્રમ મુજબના પુસ્તકો મેમાં ઉપલબ્ધ થશે

અમદાવાદ,તા. ૩૦

આગામી જૂન-૨૦૧૪માં નવા શૈક્ષણિક સત્રથી રાજ્યભરની સ્કૂલોના ધોરણ ૧થી પાંચના વિદ્યાર્થીને નવા પાઠ્યપુસ્તકો ભણવા પડશે. આ પુસ્તકો વિદ્યાર્થીઓને ઉઘડતા સત્ર અગાઉ મળતા થાય તે માટે મે-૨૦૧૪માં જ બજારમાં આવી જાય તેવું પાઠ્ય પુસ્તક મંડળનું આયોજન છે. પાઠ્ય પુસ્તક મંડળ આ આયોજન અંતર્ગત જ ફેબ્રુઆરીના ત્રીજા અઠવાડિયા દરમિયાન જ પુસ્તકો પ્રિન્ટ કરવાની કામગીરી કરશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક હેઠળ રાજ્યની પ્રાથમિક શાળાઓના ધોરણ ૧થી ૫માં જૂન-૨૦૧૪થી નવો અભ્યાસક્રમ અમલી થઈ રહ્યો છે જેથી સતત ત્રણ વર્ષની મહેનતના અંતે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ તથા ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળે રાજ્યના ધોરણ ૧થી ૫ના ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓના નવા પુસ્તકો તૈયાર કર્યા છે. જૂન-૨૦૧૪ના નવા શૈક્ષણિક સત્રથી અમલમાં આવે તે રીતે પુસ્તકોનું પ્રિન્ટિંગ કામ શરૂ કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

હાલમાં પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા પુસ્તકોની કાચી પ્રિન્ટમાં ભૂલો સુધારવાની કામગીરી ચાલી રહી છે જે કામગીરી ૧૫ દિવસમાં પૂર્ણ થતાં જ પાઠ્યપુસ્તક મંડળ બે મહિનામાં ધોરણ ૧થી પાંચના દરેક વિષયના ૧૦ લાખ જેટલા પુસ્તકો તૈયાર કરીને મે માસમાં બજારમાં મુકી દેશે. આ અંગે ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના ડાયરેક્ટર ભરત પંડિતે જણાવ્યું હતું કે, જીસીઈઆરટી અને પાઠ્યપુસ્તક મંડળે ધોરણ ૧થી પાંચના પુસ્તકો એનસીઈઆરટીની રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક અને શિક્ષણની પોલીસીને ધ્યાનમાં રાખીને તૈયાર કર્યા છે તેમાં બાળકો પોતે જ સ્વયં શિક્ષણ લઈ શકે તેવા સરળ, પ્રવૃત્તિલક્ષી અને સર્જનાત્મક ખીલે તે બાબતને વિશેષ મહત્વ અપાયું છે.

## હરિની દૃષ્ટિ...



સાહેબ લોકો કહે છે તમારી સમસ્યા તો એમણે સાંભળી, હવે તેમની સમસ્યા વિષે સાંભળવા માંગે છે....!

# ભારતીય બંધારણની અંદર પણ બાળ અપરાધ અને બાળકોના સંદર્ભે ખાસ રક્ષણાત્મક ઉપાયોની વ્યવસ્થા કરવામાં આવી છે

**મહિલા સમાજ અને કાયદો**

**અંક-૩૭**

**ડો. ભાવના કે. જોશીપુરા**

આપણે મૂળભૂત રીતે બાલીકાઓના થતાં ગેરકાયદેસર વેપાર અને બાળક હોય કે બાળકી હોય તેની પાસે જે ફરજિયાત મજૂરી કરાવવામાં આવે છે તેમજ આવા બાળકોને ગેરકાયદેસર ધંધા તરફ વાળી દેવામાં આવે છે તે બાબતની કાયદાકીય ચર્ચા કરી રહ્યા હતા. ખાસ કરીને કિશોરીઓનું અપહરણ થવું, બાળકીઓને લલચાવી, ફોસલાવીને અપહરણ કરવું તે બાબતની સાવરી, નેહા વગેરેની જિંદગીમાં કેવા બદલાવ આવ્યા અને કાયદાએ કયા પ્રકારની ભૂમિકા ભજવી તે બાબતે આપણે જોયું. કાયદાની સાથે સામાજિક સંવેદના અને સામાજિક ચેતના એ પણ ખૂબ મોટો ભાગ ભજવે છે. આ બધી બાબતોને સાંકળીને આપણને એમ પણ લાગ્યું કે, બાળકોના સંદર્ભેના કાયદાઓ પણ જાણવા જરૂરી છે. ભારતીય બંધારણની અંદર પણ બાળ અપરાધ અને બાળકોના સંદર્ભે ખાસ રક્ષણાત્મક ઉપાયોની વ્યવસ્થા કરવામાં આવી છે અને તે અંતર્ગત જોવા જઈએ તો,

૧) બંધારણીય અનુચ્છેદ ૧૫(૩) અંતર્ગત બાળકો માટે રાજય ખાસ જોગવાઈ અને કાયદાઓ ઘડી શકશે અને સાથોસાથ તેમાં અનુચ્છેદ ૧૪ સમાનતાનો ખ્યાલ અવરોધરૂપ બનશે નહીં. (૨) ભારતીય બંધારણના ૮૬માં સુધારા અંતર્ગત અનુચ્છેદ ૨૧(એ)માં રાજય મફત અને ફરજીયાત શિ૭ણઇ (૬થી ૧૪ વર્ષના બાળકો માટે)ની વ્યવસ્થા કાયદા દ્વારા પ્રયોજે (૩) ટ્રાફીકીંગ સામે રક્ષણ (૪) જોખમકારક સ્થાનો ઉપર કામ કરતા બાળકો માટે રક્ષણ (૫) બાળ આરોગ્યની વ્યવસ્થા અને ગુલામી સામે રક્ષણ (૬) બાળકોને માટે કલા, શિક્ષણ, મૌલિકતાના વિકાસ માટે પ્રોત્સાહન અને શોષણ સામે રક્ષણ. આમ ઉપરોક્ત દૃષ્ટિથી જોવા જઈએ તો ભારતીય બંધારણમાં જ મૂળભૂત રીતે બાળકોના સંદર્ભમાં ખાસ જોગવાઈકરવામાં આવી છે.

બાળ સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળા બાળક (બિન અપરાધી) એટલે કે, જેને દેખીતી રીતે રહેઠાણ કે આશ્રય તેમજ જીવન નિર્વાહ ચલાવવાના સાધન નથી, બપાળક કે જે વ્યક્તિ સાથે રહે છે(તે બાળકના વાળી હોયકે ન હોય) તે, (અ) બાળકને ઈજા કે મારી નાખવાની ધમકી આપેલ હોય અને આવી ધમકીનો અમલ થવાની વાજબી સંભાવના (ભીતી, બીક) હોય, અથવા (બ) બીજા બાળક કે બાળકોને મારી નાખ્યા હોય, દુરુપયોગ કર્યો હોય અથવા ઉપેક્ષા કરી હોય અને તેના આશ્રયમાં રહેલ બાળકને મારી નાખવાની, દુરુપયોગ કે ઉપેક્ષા થવાની વાજબી ભીતી હોય - કે જે માનસિક અથવા શારીરિક રીતે તકલીફમાં હોય અથવા માંદુ બાળક અથવા રોગથી પીડાતું હોય અથવા અસાધ્ય રોગથી પીડાતું હોય અને તેની દેખરેખ રાખનાર કે આધાર આપનાર કોઈ નહોય, - કે જે માતા-પિતા અથવા વાલી છે અને તેઓ અયોગ્ય અથવા બાળક ઉપર અંકુશ રાખવા માટે અસક્ષમ હોય - કે જે માતા/પિતા નથી અને કોઈ કાળજી લેવા તૈયાર નથી અથવા જેને માતા-પિતાએ કાઢી મુક્યો છે અથવા લા-પતા છે અથવા ભાગી ગયો છે અને જેના માત-પિતા વાજબી તપાસ પછી શોધી શકયા નથી- કે જેનો દુરુપયોગ થઈ રહ્યો છે અથવા શોષણ, ગેરકાયદેસર કાર્યો માટે અથવા જાતિય દુરુપયોગ ગંભીર રીતે થવાની શકયતા હોય- કે ક્ષણભંગુર હોય અને (નશીલી) દવાનાં વ્યવહારમાં દુરુપયોગ અથવા હેરફેરમાં જોવાની શકયતા હોય, - કે જેનો દુરપયોગો થવાનો હોય અથવા અયોગ્ય લાભ લેવાનો હોય- કે જે સશસ્ત્ર સંઘર્ષ નાગરિક બળવો (અરાજકતા) અથવા કુદરતી હોનારતનો ભોગ બનેલ હોય.

કાયદાના સંઘર્ષમાં આવતા બાળક માટે જે ખાસ જોગવાઈ કરવામાં આવેલ છે તે પણ જાણવી જરૂરી છે જે સંદર્ભે જોઈએ તો,

અવેક્ષણ ગૃહ : -

(૧) કોઈ રાજય સરકાર પોતાના દ્વારા અથવા સ્વૈચ્છિક સંગઠનો સાથે સમજૂતી કરીને, દરેક જિલ્લામાં અથવા જિલ્લાના સમૂહો માટે, જરૂરીયાત મુજબ કાયદાના સંઘર્ષમાં આવતા કિશોર માટે ચાલુ તપાસ બાકી રહે તે દરમ્યાન ટૂંકાગાળા માટે આ કાયદા અન્વયે સ્થાયી અને નિભાવી શકશે.

(૨) જ્યારે રાજય સરકારના મત અનુસાર કોઈપણ સંસ્થા કે જે ગૃહ પેટા કલમ (૧) મુજબ સ્થાપવામાં કે નિભાવવામાં આવતું ન હોય તેને ટૂંકાગાળા માટે કાયદાના સંઘર્ષમાં આવતા કિશોરને તપાસ બાકી હોય તે દરમ્યાન આ અધિનિયમ અન્વયે, આ અધિનિયમના ઉદ્દેશ સર આવી સંસ્થાને અવેક્ષણ ગૃહ તરીકે પ્રમાણિત કરી શકશે.

(૩) રાજય સરકાર અવેક્ષણ ગૃહને માન્યતા આપવા કે પરત લઈ લેવા માટે, આ અધિનિયમ અન્વયે નિયમો બનાવીને પુનઃ સંસ્થાપન અને સામાજિકરણ માટે જરૂરી હોય તેવા ધોરણો અને વિવિધ પ્રકારની સેવાની યાદી અને રીત નક્કી કરી શકશે.

(૪) જે કિશોરને- માતા-પિતા અથવા વાલીને સોંપવામાં આવેલ નથી તેમને શરૂઆતમાં અવેક્ષણ ગૃહના સ્વીકાર એકમમાં રાખવામાં આવશે. અવેક્ષણ ગૃહમાં પ્રાથમિક તપાસ કાળજી માટે કિશોરનું તેમના વયજૂથના વર્ગીકરણના આધારે કરવામાં આવશે. સામાન્ય રીતે આવું વર્ગીકરણ ૭થી ૧૨ વર્ષ, ૧૨થી ૧૬ વર્ષ અને ૧૬થી ૧૮ વર્ષ મુજબ કરવામાં આવે છે. જેમાં તેમની શારીરિક અને માનસિક પરિસ્થિતિ અને કરેલ અપરાધની માત્રાને યોગ્ય રીતે ધ્યાનમાં રાખવામાં આવશે.

સુરેશને ખાસ ગૃહમાં મળવાનું થયું. સુરેશ કાયદાના સંઘર્ષમાં આવેલો બાળક છે, તે કાયદાના સંઘર્ષમાં કઈ રીતે આવ્યો તે જોઈએ તો,

સુરેશ એક આર્થિક પછાત વિસ્તારમાં માતા-પિતા સાથે રહે છે. પિતા કાંઈ કમાતા નથી અને માતા સખત બિમાર છે. માતાની દવા માટેના પૈસા માટેનો કજીયો દરરોજ ઘરમાં થાય છે. સુરેશ પોતાની માતાને રોજ રડતી જુએ છે. માતા બિમાર હોવાને કારણે કામ પર પણ જઈ શકતી નથી. આ બધી પરિસ્થિતિમાં સુરેશનું ભણવાનું છૂટી જાય છે. સુરેશ કોઈ દિવસ ચાની કીટલીએ કામ પર જાય છે તો કોક દિવસ છૂટક મજૂરી કરી લે છે. સુરેશની ઉંમર માત્ર ૯ વર્ષની છે. સુરેશ અતિ હોશિયાર છે. સુરેશ જે ચાની કીટલીએ કામ કરતો હોય છે ત્યાં એક દિવસ તેને કાનાભાઈ મળી જાય છે. કાનાભાઈની નજરમાં સુરેશ વસી જાય છે. ૯ વર્ષનો સુરેશ મોટર સાયકલ પણ ચલાવે છે. સુરેશને મોબાઈલની લાલચ આપવામાં આવે છે અને એમ કરીને સુરેશને એક મોટી આંગડીયા લૂંટનો આરોપી બનાવવામાં આવે છે.

સુરેશ જેવા અનેક બાળકો આર્થિક સ્થિતિને કારણે પણ ખોટા કામમાં સામેલ થઈ જાય છે. સુરેશના કેસમાં શું બન્યું? સુરેશ કેસ સાથે ખાસ ગૃહની માહિતી સાથે મળીએ આવતે અંકે...